ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં 'હર હર ડોડી-ઘર ઘર ડોડી' અભિયાન

લુપ્ત થવાને આરે ઉભેલી ડોડીની આંખોનું તેજ વધારવામાં અહમ ભૂમિકા : સુરેન્દ્રનગરના વતની મકવાણા દંપતિ નાના બાળકોની આંખોનું તેજ વધે તે માટે આ અભિયાન ચલાવે છે

ગાંધીનગર, તા.૧૧

સુરેન્દ્રનગરના મૂળ વતની અને સાયલા ગામના ડોડીમેન તરીકે ઓળખાતા ભરતભાઈ મકવાણા અને ભાવનગર મુકામે ટીચર તરીકે સેવા આપતા તેમના પત્ની જાગૃતિબેન મકવાણાએ આંખોની રોશની વધારી વિટામીનની ઉણપ પૂર્ણ કરતી વનસ્પતી જીવંતી (ડોડી)નું માવજતપૂર્વક જતન કરી લોકોને તેના ફાયદા સમજાવાના ઉમદા આશય સાથે ગાંધીનગરમાં 'હર હર ડોડી ઘર ઘર ડોડી' અભિયાન શરૂ કર્યું છે. જો કે આ અભિયાન ઘણા વર્ષથી આ દંપતિ દ્વારા ચલાવવામાં આવ્યું છે.જેનો લાભ હવે ગાંધીનગરાઓ પણ લઈ શકશે.

આંખોના અનેક રોગોમાં અકસીર ઈલાજ તરીકે વપરાતી જીવંતી (ડોડી)નો એન્ટિબાયોટિક દવાઓનું ઉત્પાદન કરતી કંપનીઓએ ખો કાઢી નાંખ્યો છે. પહેલા ગાય, ભેંસ અને બકરી

સમેતના પશુઓ તેને આરોગી લોકોને દૂધ રૂપે તેને પરત કરતા હતા. પરંતુ હવે લુપ્ત થવાના આરે ઉભેલી વનસ્પતિ પશુઓના માધ્યમથી પાછી મેળવી શકાતી ન હોવાથી વિટામીનની ઉણપને કારણે નાના બાળકોની આંખો નબળી પડવાનું પ્રમાણ વધ્યું છે તેથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અંકુર બીજ બેંક, અંકુર ટ્રી બેંક અને અંકુર નર્સરીના સહયોગથી આ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

તબિયતને ફાયદારૂપ અનેક વનસ્પતિના બીજ હાથવગા

ડોડી સિવાય પથરીની બિમારીમાં ઉપયોગી બીજોરા અસ્થિભંગ માટે હાડસાંકળ મોટામાં ચાંદા હોય તો ચણોઠી જેવી આયુર્વેદ ઔષધી સમાન અનેક વનસ્પતિઓના લાખો બીજ તેમની પાસે હાથવગા છે. વિવિધ ગામોમાંથી તેમને ફોન આવતા તે લોકોને જરરિયાત મુજબના બીજ સ્વખર્ચે પહોંચતા કરે છે.

આ દંપતિના જણાવ્યા મુજબ નાની ઉંમરમાં બાળકોની આંખો ઉપર ચશ્મા જોઈને એક પ્રકારની પીડા થાય છે. અને એ પીડા દૂર કરવા માટે હોસ્પિટલ બંધાવી શકે એવી એમની કેપેસિટી નથી પણ નાનપણથી જ જો બાળકોને ડોડીના પાન ખવડાવવામાં આવે તો નાની ઉંમરમાં બાળકોની આંખોમાં તેજ વધશે.

દર વર્ષે ડોડીના બીજ મફતમાં આપતા હતા પરંતુ તેનો બગાડ બહુ થતો હતો એટલે આ વર્ષે ૧ બીજનો ૧ રૂપિયા ટોકન ચાર્જ રાખ્યો છે. આ વર્ષે તેઓએ ૫૦૦૦ શાળાઓને મફતમાં બીજ પહોંચતા કરવાના છે. આમ, અલગ અલગ જિલ્લાઓમાં આની વ્યવસ્થા કરાઈ છે. મફતમાં ૫૦૦૦ શાળાઓ સુધી બીજ પહોંચાડવા એ વ્યકિતગત રીતે અને આર્થિક રીતે મોટું નુકસાન છે. પરંતુ આ મકવાણા દંપતિનો મૂળ આશય કમાણી કરવાનો બીલકુલ નથી તેઓ માટે માત્ર નાના બાળકો સુધી જીવંતી પહોંચે એ મહત્વનું છે.

ગાંધીનગરમાં બીજ મેળવવાનું સ્થળ

સ્પોટ સેલ, સ્ટેટ પ્રોજેકટ ઓફિસ-સગ્ર શિક્ષા, સેકટર-૧૭

સમય સવારના ૧૧ થી સાંજના ૫ સુધી

લિંક : https://chat.whatsapp.com/FYAZnZj53tLS79sh31mn7

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ તરફથી ગૌરીવ્રત નિમિત્તે સુકામેવાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૧

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગરના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મંત્રી વિમળાબેન અયાચીના નેજા હેઠળ મહિલા પાંખ તરફથી ગૌરીવ્રત નિમિત્તે શનિવારના રોજ સે-૧૨ સરકારી પ્રાથમિક શાળાની બાલિકાઓને ગૌરીવ્રત નિમિત્તે સુકામેવાનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ બાલિકાઓને ગેમ્સ રમાડી ગીતો ગવડાવી બાલિકાઓને ઉત્સાહિત કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમમાં મહિલા પાંખના પ્રમુખ, મંત્રી, ખજાનચી અને મહિલા પાંખની બહેનો તેમજ સ્કૂલના આચાર્ય બાનુબેન આર્યએ હાજર રહી દિકરીઓને વ્રત ફળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

શિવશકિત મંદિર સેકટર-૩ ન્યુ ગાંધીનગર ખાતે ભોલેનાથ શિવને રીઝવવા કુંવારિકા બહેનો દ્વારા ગૌરીવ્રત નિમિત્તે પૂજા અર્ચન મહારાજ થકી કરવામાં આવી હતી. સેકટરની કુંવારિકાઓએ મોટી સંખ્યામાં પૂજાનો લાભ લીધો હતો.

નેચર ફર્સ્ટ દ્વારા સફાઈ અભિયાન યોજાયું

નેચર ફર્સ્ટ સંસ્થા દ્વારા ગાંધીનગરને પ્લાસ્ટિક કચરાથી પ્રદૂષણ મુક્ત કરવાનું અભિયાન છેલ્લા ૪૮ અઠવાડિયાથી ચાલી રહ્યું છે. આ શનિવારે ઘ-૨ સર્કલ પટેલ પાર્લર પાસે કરવામાં આવ્યું હતું. સંસ્થાના અગ્રણી પૂર્વ ગૃહ મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ માહિતી સભર વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમમાં અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહી સફાઈ અભિયાનમાં જોડાયા હતા એમ નિમેષ ચૌહાણે જણાવ્યું હતું.

વંદે ગુજરાત વિકાસ યાત્રા રથનું સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૨માં ઉત્સાહભેર સ્વાગત

ગાંધીનગર, તા.૧૧

રાજ્ય સરકારના ૨૦ વર્ષ વિશ્વાસ અને ૨૦ વર્ષનો વિકાસ વિશે જાણકારી પહોંચાડતો વંદે ગુજરાત વિકાસ રથ આજે સવારે વોર્ડ નં - ૫ ના સેક્ટર ૨૨ ખાતે પહોંચી ગયો હતો. જ્યાં રથનું આગમન થતાં જ હાજર તમામ લોકોએ તેને આવકાર્યો હતો.

રથના આગમન પૂર્વે પ્રભાતફેરી, ચિત્ર સ્પર્ધા , નિબંધ સ્પર્ધા, યોગ તથા વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાના લાભાર્થીઓને કીટ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા ઉપરાંત ગુજરાતના ૨૦ વર્ષના વિકાસનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેમાનોને ઔષધીય છોડ આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બપોર બાદ આ રથ સેક્ટર – ૨૧માં પહોંચી ગયો હતો. જ્યાં ઉપસ્થિત મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાના લાભાર્થીઓને કીટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન લોક સંગીતના ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસિદ્ધ લોકગાયક ભીખુદાન ગઢવી અને તેમની ટીમ દ્વારા સંગીતના સૂર રેલાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન જશવંત ભાઈ પટેલ,વોર્ડ પ્રમુખ ધવલભાઈ શાહ, હેમાબેન ભટ્ટ, સુરેશભાઈ મહેતા, કૈલાશબેન સુતરીયા, પદમસિંહ ચૌહાણ, ઉપસ્થિત રહ્યા હતા.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં બ્રહ્મસમાજની બહેનો માટે તા. ૧-૮-૨૦૨૨ને સોમવારના રોજ એક દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રવાસમાં ગાંધીનગરથી તા. ૧-૮-૨૨ને રાત્રે ૩ વાગે નીકળી શ્રીનાથજી, એકલિંગજી અને શામળાજીના સ્થળોનો પ્રવાસ રાખેલ છે અને તા. ૨-૮-૨૨ના રોજ રાત્રે પરત આવશે તો જે બહેનોને આવવાની ઈચ્છા હોય તેઓએ વિમળાબેન અયાચી મો.નં. ૯૪૨૬૩ ૫૬૦૧૭, દિવ્યાબેન પંડયા ૯૪૨૭૬ ૨૨૧૪૯, સોનલબેન ત્રિવેદી ૮૬૭૩૮૫૧૦૪૦ ઉપર નામ નોંધાવવા માટે સંસ્થાના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મંત્રી વિમળાબેન અયાચીએ જણાવ્યું છે.

જે.બી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનાં ઘડતર માટે વાલીઓ સાથે વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

જે.બી. પ્રાથમિક શાળામાં શનિવારના રોજ ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓનાં વાલીમિત્રોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી અને બાળકનાં વિકાસ અંગે ચર્ચા કરી હતી. વાર્તાલાપમાં વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનાના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકમિત્રો અને વાલીમિત્રો સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી.

વાલી સંમેલનમાં શાળાના આચાર્યા નીવાબેન પટેલ અને શાળાના શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફવળે, પ્રેરણા બળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન સહ સંસ્થાની માહિતી આપવામાં આવી હતી.

નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

કડી વિશ્વ વિદ્યાલય, સંચાલિત નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુજકોસ્ટ તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના સહયોગથી આજ રોજ વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી હતી. ડો.અનીલ પટેલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વની વસ્તી, દર જુદા જુદા દેશીની જન સંખ્યા, વસ્તી વધારાના કારણે ઉભી થતી સમસ્યાઓ વિષે વિગતે વાત કરી હતી. આચાર્યશ્રી ડો.હરિત એસ.પટેલ પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને જનસંખ્યાના વ્યવસ્થાપનોની વાત કરી હતી.

નાથીબા કોલેજ ધ્વારા ગ્રીન ક્લબ શરુ કરવામાં આવી છે. આ ક્લબ દ્વારા વિવિધ દિવસોની ઉજવણી તથા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો.પ્રણવ જોષીપુરાએ કર્યું હતું. આ પ્રસંગે પ્રાધ્યાપક તેજસ એસ.શાહ, પાયલબેન પંડયા, મનુભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

આર.એન. પટેલમાં વાલી મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ૯ જુલાઈના રોજ ધોરણ ૩ થી ૮ની વાલી મીટીંગનું આયોજન કરાયું હતું તેમાં સારી એવી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ ધોરણ-૭ની વિદ્યાર્થીનીઓએ 'વસુધૈવ કુટુંબકમ' ગીત ઉપર પ્રાર્થના રજૂ કરી હતી. શાળાના આચાર્ય દશરથભાઈ દ્વારા શાળામાં થતી પ્રવૃત્તિઓ અને નિયમોની માહિતી પૂરી પાડવામાં આવી હતી. મહેમાન તરીકે પધારેલા કો-ઓર્ડીનેટર ડૉ. વીણાબેન પટેલે શાળાની સંપૂર્ણ માહિતીથી વાલીઓને માહિતગાર કર્યા હતા.

જન્મદિને વધામણી

પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪

હિમાંશુ ભચેચ
મો. ૭૬૦૦૦ ૬૭૫૧૬

દીપક નગીનદાસ શાહ
મો. ૯૮૯૮૧ ૬૧૬૩૯

ડો. વિવેક વાછાણી

આકાશ નારણભાઈ પટેલ
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર

કિરણભાઈ પટેલ
રોટરી ક્લબ

દિશા ગૌરાંગ પટેલ

સન્ની સુખડિયા

કીથ ભાવેશ કાપડિયા

સંગીતા પ્રજાપતિ



હરિઓમ સંજયભારતી ગૌસ્વામી

યુગ જે પટેલ
મો. ૯૯૭૮૧ ૧૧૬૦૦

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૧

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ સમાજના ચાલુ વર્ષમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પ્રથમ ત્રણમાં ઉત્તીર્ણ થનાર તેજસ્વી તારલાઓના ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તથા ટ્રસ્ટની સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જે સંત રોહિદાસ સેવા સંકુલ (ગુજરાત), સેકટર-૬ ખાતે તા. ૧૭-૭-૨૦૨૨ રવિવારે સવારે ૯.૩૦ થી બપોરે ૧૨.૦૦ કલાક સુધી યોજાશે. આ આયોજનમાં દરેક આજીવન સભ્યો, ગોળ તથા વસ્તીપંચના આગેવાનોએ પધારવા જણાવ્યું છે.

એસએસવી શાળામાં બ્લુ કલર ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળાના પ્રાઈમરીના બાળકો દ્વારા 'બ્લુડે'ની ઉજવણી કરવામાં આવી હતી. તે દિવસે બાળકો બ્લુ રંગના કપડાં પહેરીને આવ્યા હતા તેમજ બ્લુ કલરના વિવિધ ઓબ્જેક્ટ જેવા કે વાદળ,પાણી માછલી તેમજ પતંગિયા તૈયાર કરવામાં આવ્યા હતાં.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઉપાધ્યાય દિવ્યેન્દ્ર ચંદુલાલ, ઉ.વ. ૭૫, સેકટર-૫
- સ્વ. શાહ મહેશકુમાર ભાઈલાલ, ઉ.વ. ૭૩, મુંબઈ
- સ્વ. રાણા વિજેન્દ્રસિંહ જસવંતસિંહ, ઉ.વ. ૨૯, ધણપ
- સ્વ. રાજપૂત ઉર્મિલાબેન જવાહરલાલ, ઉ.વ. ૬૦, સેકટર-૨૨